તારીખ : 10/10/2026

# શ્રાદ્ધ પક્ષની પૂર્ણાહુતિ સાથે આવતીકાલથી શક્તિ ઉપાસનાના પર્વ નવરાત્રિનો પ્રારંભ

## આજે સર્વપિતૃ અમાસ, આવતીકાલથી મા આદ્યશક્તિની આરાધનાનો પાવન અવસર




આજે શનિવાર, તા. ૧૦ ઓક્ટોબરના રોજ સર્વપિતૃ અમાસ સાથે પિતૃપક્ષની પૂર્ણાહુતિ થઈ રહી છે. હિંદુ ધર્મમાં સર્વપિતૃ અમાસનું વિશેષ ધાર્મિક મહત્ત્વ છે. આ દિવસે પિતૃઓના સ્મરણ, તર્પણ, શ્રાદ્ધ અને દાન-પુણ્ય દ્વારા પૂર્વજોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવે છે. પિતૃપક્ષના સમાપન સાથે જ આવતીકાલથી ભક્તિ, શક્તિ અને આરાધનાના પાવન પર્વ શારદીય નવરાત્રિનો પ્રારંભ થશે.રવિવાર, તા. ૧૧ ઓક્ટોબરથી શરૂ થતી નવરાત્રિના નવ દિવસ દરમિયાન મા દુર્ગાનાં નવ સ્વરૂપોની પૂજા-અર્ચના કરવામાં આવશે. મંદિરોમાં માતાજીની આરતી, પૂજા, ભજન-કીર્તન અને ધાર્મિક અનુષ્ઠાનો યોજાશે. ગુજરાતની આગવી પરંપરા મુજબ ગરબા અને રાસના આયોજનો દ્વારા પણ આ પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવશે.નવરાત્રિ એ માત્ર ઉત્સવ નહીં, પરંતુ શક્તિ, શ્રદ્ધા, સંસ્કાર અને સકારાત્મકતાનું પ્રતીક છે. મા આદ્યશક્તિની ઉપાસના દ્વારા ભક્તો સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સર્વના કલ્યાણની પ્રાર્થના કરશે. નવરાત્રિના પવિત્ર દિવસોમાં ઉપવાસ, પૂજા, જપ, ધ્યાન અને સેવાકાર્યોનું પણ વિશેષ મહત્ત્વ રહેલું છે.આમ, આજે પિતૃઓના સ્મરણ અને શ્રદ્ધા સાથે પિતૃપક્ષની પૂર્ણાહુતિ થઈ રહી છે, ત્યારે આવતીકાલથી માતાજીની આરાધનાના પવિત્ર પર્વનો પ્રારંભ થશે. ભક્તિ અને આસ્થાના આ અવસરે સમગ્ર વાતાવરણ ધર્મમય બનશે અને ચોતરફ 'જય માતાજી'ના જયઘોષ સાથે નવરાત્રિનો રંગ જામશે.

## ગુજરાત સહિત દેશભરમાં નવરાત્રિના સ્વાગતની તૈયારીઓ શરૂ

તારીખ : 10/10/2026

# કાણકીયા કોલેજ ખાતે વિશ્વ માનસિક આરોગ્ય દિવસ નિમિત્તે વિશેષ સત્રનું આયોજન





શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી. ડી. કાણકિયા આર્ટસ એન્ડ શ્રી એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ સાવરકુંડલા ખાતે મનોવિજ્ઞાન વિભાગ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના (એન. એસ. એસ.) તથા યુવા રેડક્રોસ ક્લબના સંયુક્ત સહયોગથી તા.10 ઓક્ટોબર, 2026ને શનિવારના રોજ વિશ્વ માનસિક આરોગ્ય દિવસ નિમિત્તે કોલેજ પરિસરમાં વિશેષ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ માનસિક આરોગ્ય અંગે જાગૃતિ કેળવવાનો તથા વ્યક્તિગત અને સામૂહિક જીવનમાં માનસિક સુખાકારીનું મહત્ત્વ ઉજાગર કરવાનો હતો.કાર્યક્રમનો પ્રારંભ કોલેજના માનનીય આચાર્યશ્રી ડો. એસ. સી. રવિયાના પ્રાસંગિક પ્રવચનથી થયો હતો. તેમણે માનસિક આરોગ્યને સર્વાંગીણ સ્વાસ્થ્યના અભિન્ન અંગ તરીકે સમજવાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો.ત્યારબાદ મનોવિજ્ઞાન વિભાગના સંયોજક પ્રો. પ્રાંજલ વ્યાસે "દૈનિક જીવનમાં માનસિક આરોગ્યનું મહત્ત્વ: વિદ્યાર્થીઓ અને કર્મચારીઓના સંદર્ભમાં" વિષય પર વક્તવ્ય આપ્યું હતું. તેમણે દૈનિક જીવનમાં માનસિક સ્વાસ્થ્યની ભૂમિકા, માનસિક સુખાકારીને અસર કરતાં વિવિધ પરિબળો તથા વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ માટે માનસિક આરોગ્ય પ્રત્યે જાગૃતિ અને સકારાત્મક અભિગમના મહત્ત્વ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.કાર્યક્રમના બીજા સત્રમાં યુવા રેડક્રોસ ક્લબના સંયોજક ડો. હરેશ દેસરાણીએ "Mental Health as First Aid" વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. તેમણે માનસિક તણાવ અને અન્ય માનસિક મુશ્કેલીઓનાં પ્રારંભિક સંકેતોને ઓળખવા, સંવેદનશીલતાપૂર્વક પ્રતિભાવ આપવા તથા જરૂરિયાતના સમયે યોગ્ય પ્રાથમિક માનસિક સહાય પૂરી પાડવા અંગે સમજણ આપી હતી.આ કાર્યક્રમમાં કોલેજના તમામ વિદ્યાર્થીઓ, આચાર્યશ્રી, અધ્યાપકગણ તથા બિનશૈક્ષણિક કર્મચારીઓએ ઉપસ્થિત રહી સહભાગિતા નોંધાવી હતી. સમગ્ર કાર્યક્રમ દ્વારા માનસિક આરોગ્ય અંગે ખુલ્લી ચર્ચા, જાગૃતિ અને પરસ્પર સંવેદનશીલતાને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.આ વિશેષ સત્રનું આયોજન મનોવિજ્ઞાન વિભાગ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના તથા યુવા રેડક્રોસ ક્લબના સહયોગથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દ્વારા કોલેજ સમુદાયમાં માનસિક આરોગ્ય પ્રત્યે જાગૃતિ અને જવાબદારીની ભાવના વધુ સુદૃઢ બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

કે.ડી NEWS

તારીખ : 10/10/2026

# "મહિલા કોલેજ નું ગૌરવ "





શ્રી નુતન કેળવણી મંડળ સંચાલિત, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન -શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ સાવરકુંડલા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ મુકામે યોજાયેલ 55મો "હિરક સ્પંદન" યુવક મહોત્સવમાં અમારી કોલેજની વિદ્યાર્થીની ચુડાસમા ધારા પ્રતાપભાઈ પોતાની ઉત્કૃષ્ટ સર્જનાત્મક અને કલાનો પરિચય આપતા વિદ્યાર્થીનીએ "કોલાજ" સ્પર્ધામાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરીને કોલેજ તથા મંડળઅને પરિવારનું નામ રોશન કર્યું છે આ સ્પર્ધામાં યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજો માંથી અનેક સ્પર્ધકોએ ભાગ લીધો હતો જેમાં ચુડાસમા ધારાએ ગણપતિ પર પોતાની આગવી કલા અને વિચાર શક્તિ દ્વારા આકર્ષક કોલાજ કૃતિ રજૂ કરી નિર્ણાયકોનું દિલ જીતી લીધું. આ જવાબદારી સફળતા બદલ કોલેજના પ્રિન્સિપાલ શ્રી ચાવડા સાહેબ માર્ગદર્શક ડો.પ્રતિમાબેન શુક્લ સાંસ્કૃતિક પ્રવૃત્તિના કોઓર્ડીનેટર ડો.રૂકસાનાબેન કુરેશી, ડો. કે.પી. વાળા સાહેબ વગેરેનું ખૂબ સહયોગ રહ્યો છે

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# સોનિકની ૧૦૦% ગેરંટી!!!

## ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭




કુલ ઈનામો ૫૫૧

₹ ૭૫૦૦ 'ફ્રી' ખરીદી પર એક માલામાલ કુપન

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો?? ચમકાવો નસીબ અને બનો માલામાલ!!!

## સોનિક® જ્વેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

તારીખ : 10/10/2026

# સાવરકુંડલા તાલુકામાં ટીબી મુક્ત ગ્રામ પંચાયત સન્માન કાર્યક્રમ નુ આયોજન

## કેરાળા અને ધાર ગામની ટીબી મુક્ત ગ્રામ પંચાયત તરીકે પસંદગી





આજરોજ તાલુકા હેલ્થ કચેરી, સાવરકુંડલા ખાતે તાલુકા હેલ્થ ઓફિસર ડૉ સિધ્ધપુરા સાહેબના માર્ગદર્શન હેઠળ ટીબી મુક્ત ગ્રામ પંચાયત સન્માન કાર્યક્રમ તેમજ જોશ ટીમ ના જિલ્લા અને રાષ્ટ્રીય કક્ષાના શુભારંભ કાર્યક્રમ નુ આયોજન કરવામાં આવ્યું હતું સાવરકુંડલા તાલુકાના કેરાળા અને ધાર ગામને ટીબી મુક્ત ગ્રામ પંચાયત તરીકે પસંદગી બદલ કેરાળા ગામના સરપંચશ્રી રણુભાઈ ખુમાણ અને ધાર ગામના સરપંચશ્રી હંસાબેન કાકડિયા નુ સન્માન સાવરકુંડલા-લીલિયા વિસ્તાર ના ધારાસભ્યશ્રી માનનીય મહેશભાઈ કસવાળા સાહેબ, જિલ્લા પ્રમુખશ્રી દક્ષાબેન ચોડવડિયા, નગરપાલિકા પ્રમુખ શ્રી નયનાબેન કાપડિયા, બાંધકામ સમિતિ ના ચેરમેન શ્રી પ્રકાશભાઈ પાનસુરીયા, સાવરકુંડલા તાલુકાના ટીબી મુક્ત ગ્રામ પંચાયતમાપસંદ પામેલા તમામ સરપંચશ્રીઓ,NCC કેડેટ્સ તથા આરોગ્ય વિભાગના કર્મચારીશ્રી અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા આ પ્રસંગે ટીબી મુક્ત ગ્રામ પંચાયત ના સંકલ્પને વધુ મજબુત બનાવવા અને ટીબી નાબૂદી અભિયાનને જનભાગીદારી થી સફળ બનાવવા સૌએ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

તારીખ : 10/10/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Organised by:
HEADWAY BUSINESS SOLUTIONS LLP Solution@100%
www.headway.guru
908 1 24 1 916




અરે... વાહ...

૯,૯૯૯ સુધી

કરોડોની કિંમતના ઈનામો!

હા, સાચું વાંચ્યું.

તે પણ માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી કે એક્સચેન્જ પર*

તો રાહ કોની જુવો છો, ઘરેણાં સાથે ચમકાવો નસીબ

ઓફર: ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૬ સુધી જ લાગુ.

*શરતો લાગુ

GJ શ્રી ગોકુલ જ્વેલર્સ

હવેલી શેરી, સાવરકુંડલા. 222195 95373 12695

તારીખ : 10/10/2026

# તાલુકા કક્ષાના વિજ્ઞાનમેળામાં આંબરડી શાળાની વૈજ્ઞાનિક પ્રતિભાનું પ્રદર્શન

સાવરકુંડલા તાલુકા કક્ષાના વિજ્ઞાનમેળાનું આયોજન આજરોજ એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ, સાવરકુંડલા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી માધ્યમિક શાળા આંબરડીના વિદ્યાર્થીઓએ વિજ્ઞાન અને ગણિતના સર્જનાત્મક અભિગમને ઉજાગર કરતી બે પ્રેરણાદાયી કૃતિઓ રજૂ કરી હતી.સાયન્સ શિક્ષક શ્રી અક્ષયભાઈ પંડ્યાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ રજૂ કરેલી કૃતિઓમાં– Aqua Shield Hydro Home – Disaster Management વિભાગમાં રજૂ કરાયેલ આ મોડેલ પૂર જેવી કુદરતી આપત્તિના સમયે ભૌતિકશાસ્ત્રના સરળ સિદ્ધાંતોના ઉપયોગથી ઘરને પાણી પર આપમેળે તરતું રાખી, તેને તણાઈ જવાથી સુરક્ષિત રાખવાનો વૈજ્ઞાનિક અભિગમ રજૂ કરે છે. Math Manthan Dholakiya's Park – Mathematical Model વિભાગમાં રજૂ કરાયેલ આ કૃતિમાં બાળકો રમત-ગમતની પ્રવૃત્તિઓ સાથે ગણિતના મૂળભૂત આકારો અને સંકલ્પનાઓને સહજ રીતે સમજી શકે તેવો સર્જનાત્મક બગીચો રજૂ કરવામાં આવ્યો હતો.આ બંને કૃતિઓમાં જુલીબેન ચોડવડિયા, શિવાંગીબેન કુતાણા, મંથન ધોળકિયા અને વ્રજ અણઘણએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.વિદ્યાર્થીઓની વૈજ્ઞાનિક દૃષ્ટિ, સર્જનાત્મકતા અને પ્રયોગશીલ અભિગમને પોષણ આપનાર માર્ગદર્શક શિક્ષક શ્રી અક્ષયભાઈ પંડ્યા તથા તમામ વિદ્યાર્થી પ્રતિભાઓને આચાર્ય શ્રી એમ.ડી.માલવિયા અને મેનેજીંગ ટ્રસ્ટીશ્રી દિપકભાઈ માલાણી એ સૌને અભિનંદન પાઠવ્યા હતા.









નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 10/10/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# ખાદી કાર્યાલય સાવરકુંડલા



## ગાંધી જયંતી નું વિશેષ વળતર શરુ થઈ ગયેલ છે.

તો ગુજરાત ઉત્પાદિત તમામ પ્રકાર ની ખાદી માં 30% વળતર છે.પરપ્રાંત ખાદી માં ૧૫% વળતર છે. તો આ વળતર નો લાભ લેવા માટે ખાદી ખરીદવા અવશ્ય પધારશો.

તેમજ ગ્રામોધોગ માં અનેક વસ્તુઓ હાજરમાં છે. તો ખાદી કાર્યાલય સાવરકુંડલા માં નવા ભવન ની મુલાકાત લેશો.

**સમય : સવારે ૯:00 થી ૧:00,**
**બપોર પછી 3:00 થી ૭:00**

**ખાસ નોંધ : દિવાળી સુધીના તમામ રવિવારે વેચાણ શરુ રાખેલ છે.**

લી. ટ્રસ્ટીશ્રીઓ

**શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ ખાદી કાર્યાલય**

રેલ્વે સ્ટેશન પાછળ, સાવરકુંડલા.
મો. ૯૪૨૯૦ ૭૬૫૪૦

તારીખ : 10/10/2026

# પોલીસ અને પ્રજા વચ્ચે આત્મીય સેતુઃ વંડા પોલીસ સ્ટેશને પી.પી.એસ. હાઈસ્કૂલના કેડેટ્સને આપ્યું કાયદા અને સુરક્ષાનું જ્ઞાન

વિદ્યાર્થીઓમાં નાનપણથી જ કાયદાનું પાલન, શિસ્ત અને સુરક્ષા પ્રત્યેની જાગૃતિ કેળવાય તેવા ઉમદા હેતુથી તાજેતરમાં શ્રી પી.પી.એસ. હાઈસ્કૂલ, વંડાના ૪૪ જેટલા સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સ (S P C) દ્વારા વંડા પોલીસ સ્ટેશનની એક શૈક્ષણિક અને જ્ઞાનવર્ધક મુલાકાત લેવામાં આવી હતી. આ પ્રેરણાદાયક મુલાકાત વંડા પોલીસ મથકના પી.એસ.આઈ. શ્રી પી.જે. રામાણીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ શાળાના સી.પી.ઓ. ડી.પી. સર અને શિક્ષક શ્રી પ્રવીણભાઈ ઝીંઝુવાડીયાની રાહબરીમાં યોજાઈ હતી.આ મુલાકાત દરમિયાન ભવિષ્યના નાગરિક એવા વિદ્યાર્થીઓને પોલીસ વિભાગની આંતરિક કાર્યપ્રણાલીથી વાકેફ કરવા માટે વંડા પોલીસ સ્ટાફના ડી.આઈ. શ્રી અનિરુદ્ધસિંહ વાજા અને શ્રીમતી વિરલબેન જાની દ્વારા પોલીસ મથકના જુદા-જુદા વિભાગોની વિસ્તૃત અને રસપ્રદ માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત, દેશની સુરક્ષા અને કાયદાના રક્ષણ માટે પોલીસ દળ દ્વારા ઉપયોગમાં લેવાતા વિવિધ આધુનિક હથિયારો વિશે શ્રી જીતેન્દ્રસિંહ સરવૈયાએ કેડેટ્સને ઊંડાણપૂર્વક જાણકારી આપી હતી, જે નિહાળીને બાળકો રોમાંચિત થયા હતા.આજના ડિજિટલ યુગમાં જ્યારે સાયબર ક્રાઈમ એક મોટો પડકાર બની રહ્યો છે, ત્યારે આઈ.ટી. એક્સપર્ટ શ્રી પુનિતભાઈએ વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ અને સુરક્ષા અંગે સજાગ કર્યા હતા. જ્યારે શ્રી સંજયભાઈ કામળિયા દ્વારા ટ્રાફિકના નિયમો અને તેના ચુસ્ત પાલન અંગેની અત્યંત ઉપયોગી અને રસપ્રદ માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ સાથે જ મહિલા સુરક્ષા માટે કાર્યરત 'સખી વન સ્ટોપ કેન્દ્ર' અને તાત્કાલિક સહાય માટેની '૧૧૨ ઈમરજન્સી હેલ્પલાઈન' જેવી અત્યંત આવશ્યક સેવાઓ વિશે પણ બાળકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.મુલાકાતના અંતિમ ચરણમાં પી.એસ.આઈ. શ્રી પી.જે. રામાણીએ વિદ્યાર્થીઓના મનમાં ઉદ્ભવેલા વિવિધ પ્રશ્નોનું ખૂબ જ સહજતાથી અને સચોટ નિરાકરણ કરી તેમના જ્ઞાનમાં વધારો કર્યો હતો. વંડા પોલીસ પરિવારની આત્મીયતાના દર્શન કરાવતા, ઉપસ્થિત તમામ બાળકો માટે પોલીસ સ્ટેશન દ્વારા અલ્પાહાર (નાસ્તા)ની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. પોલીસ અને પ્રજા વચ્ચે આત્મીય સેતુ બાંધતી આ મુલાકાત વિદ્યાર્થીઓ માટે જીવનનું એક અવિસ્મરણીય સંભારણું બની રહી હતી.










નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



oppo

RAGHUVIR MOBILE

## OPPO F35 Series 5G

## Group selfie Expert

PRE-BOOK NOW




Festive OFFER

FREE PREMIUM GIFT

ON PRE BOOKING




Powered by ColorOS

10% Instant Cashback* | OR | UPTO 18 Months Zero Down Payment* | OR | 10% Exchange Bonus*

STUDENT OFFER 10% + 2% Instant Cashback* | UPTO 70 Assured Buyback* at ₹399

SBI card · HDFC BANK · AXIS BANK · ICICI Bank · IDFC FIRST Bank · kotak · BOBCARD · YES BANK · DBS · BAJAJ FINANCE · TVS CREDIT · IDFC FIRST Bank · HDB · DMI FINANCE · UPI

# રઘુવીર મોબાઈલ

સંજયભાઈ સોમૈયા
મો. 78019 32032

મહુવારોડ, તાલુકા પંચાયત સામે, સાવરકુંડલા

કે.ડી. NEWS
તારીખ : 10/10/2026

# વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ કેળવવાનો સંકલ્પ

**દર વર્ષે ૧૦ ઓક્ટોબરના રોજ વિશ્વભરમાં વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોમાં માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો તેમજ માનસિક સ્વાસ્થ્યના મહત્વ અંગે સમજ કેળવવાનો છે.**




આજના ઝડપી અને સ્પર્ધાત્મક યુગમાં કામનું ભારણ, અભ્યાસની ચિંતા, પારિવારિક જવાબદારીઓ, આર્થિક મુશ્કેલીઓ અને બદલાતી જીવનશૈલીને કારણે અનેક લોકો તણાવ અને માનસિક દબાણનો સામનો કરે છે. શારીરિક સ્વાસ્થ્યની જેમ માનસિક સ્વાસ્થ્યની કાળજી રાખવી પણ એટલી જ જરૂરી છે.માનસિક રીતે સ્વસ્થ રહેવા માટે નિયમિત કસરત, પૂરતી ઊંઘ, સંતુલિત આહાર, યોગ-પ્રાણાયામ, હકારાત્મક વિચારસરણી અને પરિવારજનો સાથે સમય વિતાવવો ખૂબ ઉપયોગી છે. મનમાં કોઈ ચિંતા કે તકલીફ હોય તો વિશ્વાસુ વ્યક્તિ સાથે વાત કરવી જોઈએ. જરૂર જણાય ત્યારે મનોવિજ્ઞાની કે માનસિક સ્વાસ્થ્ય નિષ્ણાતની સલાહ લેવામાં સંકોચ રાખવો જોઈએ નહીં.માનસિક સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓને નબળાઈ ગણવાને બદલે તેને સમજદારી અને સંવેદનશીલતાથી જોવી જોઈએ. માનસિક મુશ્કેલીમાંથી પસાર થતી વ્યક્તિની વાત સાંભળવી, તેને સહકાર આપવો અને તેની સાથે ભેદભાવ ન રાખવો એ સમાજની સામૂહિક જવાબદારી છે.ચાલો, વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ નિમિત્તે સંકલ્પ કરીએ કે આપણે પોતાના મનની કાળજી રાખીશું, બીજાની લાગણીઓને સમજીશું અને માનસિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ ફેલાવીને સ્વસ્થ, સંવેદનશીલ અને ખુશહાલ સમાજના નિર્માણમાં યોગદાન આપીશું.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

oppo

MEHUL TELECOM

## OPPO F35 Series 5G

Group selfie Expert

PRE-BOOK NOW




Festive OFFER

FREE PREMIUM GIFT

ON PRE BOOKING




Powered by ColorOS

10% Instant Cashback* OR UPTO 18 Months Zero Down Payment* OR 10% Exchange Bonus*

STUDENT OFFER 10% + 2% Instant Cashback* | UPTO 70 Assured Buyback* at ₹399

SBI card | HDFC BANK | AXIS BANK | ICICI Bank | IDFC FIRST Bank | kotak | BOBCARD | YES BANK | DBS | BAJAJ FINANCE | TVS CREDIT | IDFC FIRST Bank | HDB FINANCIAL SERVICES | DMI FINANCE | UPI

# મેહુલ ટેલીકોમ

મુનાવરભાઈ

મો. 87804 39715

જુના બસ સ્ટેન્ડ પાસે, સાવરકુંડલા

કે.ડી NEWS

તારીખ : 10/10/2026

# બાળ વૈજ્ઞાનિક ગણિત વિજ્ઞાન પ્રદર્શન 2026-27



તારીખ 9/10/2026ને શુક્રવારના રોજ શ્રી હાડીડા પ્રાથમિક શાળા તાલુકો સાવરકુંડલા માં સી.આર.સી વિજપડી તેમજ સી.આર.સી ખડસલી ના સંયુક્ત ઉપક્રમે ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાઈ ગયું હતું.જેમાં કુલ પાંચ વિભાગો હતા તેમાં બંને ક્લસ્ટરની મળીને કુલ 31 જેવી કૃતિઓ હતી. બાળ વૈજ્ઞાનિકોએ ખૂબ સારી મહેનત કરી હતી. તેમજ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ ખુબ સુંદર કૃતિઓની રજૂઆત થઈ હતી. નિર્ણાયકો દ્વારા દરેક વિભાગમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય નંબર પણ આપવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં સી.આર.સી શ્રી નરેન્દ્રભાઈ જોશી,હાડીડા સરપંચ શ્રી નજકુભાઈ ખુમાણ, એસએમસી અધ્યક્ષ શ્રી હકુભાઈ ખુમાણ, ઉપાધ્યક્ષ શ્રી દિલુભાઈ ગીડા તેમજ બંને ક્લસ્ટરના શિક્ષકો અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમના અંતે શાળા ના આચાર્યશ્રી પટેલ નિરવભાઈ, ક્રીપાલભાઈ,હેતલબેન, મીનાક્ષીબેન,રિધ્ધીબેન અને મુકેશભાઈ એ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો અને આનંદની લાગણી અનુભવી હતી.





નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 10/10/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# મકાન વેચવાનું છે...

## 35x50 જગ્યામાં નેસડી રોડ, પરિમલ સોસાયટી, સાવરકુંડલા

**નોંધ : દલાલભાઈઓ આવકાર્ય**

**: સંપર્ક :**

**મો. 84694 82579**

તારીખ : 10/10/2026

# બગસરામાં એસ.ટી. ડેપો મેનેજર અને ડ્રાઈવરનું સન્માન કરાયું



અમરેલી જીલ્લાના બગસરા પેસેન્જર એસોસિયેશનની માંગણીને પગલે શ્રાવણ માસ દરમિયાન બગસરાથી સોમનાથ સુધીની એસ.ટી. બસ સેવા શરૂ કરી મુસાફરોને સુવિધા પૂરી પાડવા બદલ બગસરા એસ.ટી. ડેપોના મેનેજર ગઢવીબેન અને એક મહિના સુધી બસનું સંચાલન કરનાર ડ્રાઈવર ભરતભાઈ બાબરીયાનું સન્માન કરવામાં આવ્યું હતું.ડી.સી. પટેલની ઉપસ્થિતિમાં બગસરા પેસેન્જર એસોસિયેશન દ્વારા બંનેને મોમેન્ટો અર્પણ કરી તેમની કામગીરીને બિરદાવવામાં આવી હતી. શ્રાવણ માસ દરમિયાન સોમનાથ જતા શ્રદ્ધાળુઓ અને અન્ય મુસાફરોને અવરજવરમાં સુવિધા મળી રહે તે હેતુથી શરૂ કરવામાં આવેલી આ બસ સેવાને મુસાફરો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો.મુસાફરોને સુવિધા પૂરી પાડવા ઉપરાંત એસ.ટી. વિભાગને સારી આવક અપાવવામાં સહયોગ આપવા બદલ ડેપો મેનેજર ગઢવીબેન અને ડ્રાઈવર ભરતભાઈ બાબરીયાની કામગીરીની પ્રશંસા કરવામાં આવી હતી. જાહેર પરિવહન વ્યવસ્થામાં મુસાફરોની સુવિધા અને સેવાભાવને પ્રાધાન્ય આપતી આ કામગીરી બદલ એસોસિયેશન દ્વારા બંનેનો આભાર વ્યક્ત કરી સન્માન કરવામાં આવ્યું હતું.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 10/10/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ભારત ઇલેક્ટ્રોનિક્સ

## નવરાત્રી નિમિત્તે અવનવી સીરીઝો સ્ટોક આવી ગયો છે.

**સ્થળ : નવા બસ સ્ટેશન રોડ, સાવરકુંડલા**

**: સંપર્ક :**

**મો. 73831 90559**

તારીખ : 10/10/2026

# મોટા ઝીંઝુડામાં નિર્માણાધીન બાગાયતી એક્સેલન્સ સેન્ટરની ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ મુલાકાત લઈ સ્થળ નિરીક્ષણ કર્યું

## ખેડૂતોને આધુનિક ખેતી પદ્ધતિઓ, નવી ટેકનોલોજી અને વૈજ્ઞાનિક માર્ગદર્શન પૂરું પાડવામાં કેન્દ્ર બનશે મહત્વપૂર્ણ





સાવરકુંડલા તાલુકાના મોટા ઝીંઝુડા ખાતે નિર્માણાધીન બાગાયતી એક્સેલન્સ સેન્ટરની ચાલી રહેલી કામગીરીનું સાવરકુંડલા-લીલીયા વિસ્તારના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે રાજકીય અને સામાજિક આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, જિલ્લા બાગાયત વિભાગના અધિકારીઓ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.મોટા ઝીંઝુડા ખાતે આકાર લઈ રહેલું બાગાયતી એક્સેલન્સ સેન્ટર આગામી સમયમાં ખેડૂતો માટે બાગાયતી પાકોના સંશોધન, નવીન પ્રયોગો, આધુનિક ખેતી પદ્ધતિઓના માર્ગદર્શન અને કિસાન તાલીમ કેન્દ્ર તરીકે મહત્ત્વપૂર્ણ સાબિત થશે. આ કેન્દ્રના માધ્યમથી ખેડૂતોને બાગાયતી ક્ષેત્રે નવી ટેકનોલોજી, વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓ અને પાક ઉત્પાદન વધારવા માટે જરૂરી માર્ગદર્શન મળી રહેશે.ખેતી ક્ષેત્રે આધુનિક પદ્ધતિઓનો ઉપયોગ વધે, ખેડૂતો નવીન પ્રયોગો અપનાવતા થાય અને બાગાયતી પાકોના ઉત્પાદનની સાથે તેમની આવકમાં પણ વધારો થાય તે દિશામાં આ કેન્દ્ર મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ખાસ કરીને ખેડૂતોને નવીન ખેતી પદ્ધતિઓ અંગે પ્રત્યક્ષ માર્ગદર્શન અને તાલીમ મળી રહે તેવા હેતુથી આ પ્રકલ્પ ઉપયોગી બનશે.સ્થળ નિરીક્ષણ દરમિયાન ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ જિલ્લા બાગાયત વિભાગના અધિકારીઓ અને ઉપસ્થિત આગેવાનો સાથે કેન્દ્રની ચાલી રહેલી કામગીરી અંગે માહિતી મેળવી હતી તેમજ વિવિધ પાસાઓ અંગે ચર્ચા કરી હતી.મોટા ઝીંઝુડા ખાતે નિર્માણ પામી રહેલું આ કેન્દ્ર સાવરકુંડલા સહિત આસપાસના વિસ્તારના ખેડૂતો માટે બાગાયતી ખેતીના વિકાસ, આધુનિક કૃષિ ટેકનોલોજીના પ્રસાર અને આર્થિક સશક્તિકરણની દિશામાં મહત્ત્વપૂર્ણ બની રહેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

તારીખ : 10/10/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કે.ડી. NEWS

તારીખ : 10/10/2026

# બાબરા નગરપાલિકા ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો





અમરેલી જિલ્લાના બાબરા નગરપાલિકા ખાતે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લાઠી-દામનગર વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવીયા સહિત રાજકીય અને સામાજિક આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવીયા સહિત ઉપસ્થિત મહાનુભાવોએ સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત હાથ ધરવામાં આવેલી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ નાગરિકોને સરળતાથી મળી રહે તેમજ નાગરિકોના પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ આવે તેવા હેતુથી કરવામાં આવતી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.સેવા સેતુ કાર્યક્રમ નાગરિકો અને સરકારી તંત્ર વચ્ચે સેતુરૂપ બનીને લોકોને સરકારી સેવાઓનો લાભ સરળતાથી ઉપલબ્ધ કરાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આવા કાર્યક્રમોના માધ્યમથી નાગરિકોને સરકારી કચેરીઓના ધક્કા ખાવા ન પડે અને વિવિધ યોજનાઓનો લાભ પારદર્શક રીતે મળી રહે તે દિશામાં કામગીરી હાથ ધરવામાં આવે છે.

તારીખ : 10/10/2026

# મહેનતથી મેડલ સુધીની સફર : ખેલ મહાકુંભ-2026નો ભવ્ય પ્રારંભ

## વડોદરાથી રાજ્યવ્યાપી ખેલ મહાકુંભ-2026નો પ્રારંભ; 76 લાખથી વધુ રમતવીરોની સહભાગિતા સાથે ગુજરાતે રચ્યો નવો ઈતિહાસ





ગુજરાતમાં રમતગમત ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરવાના સંકલ્પ સાથે રાજ્યવ્યાપી ખેલ મહાકુંભ-2026નો સંસ્કારી નગરી વડોદરા ખાતેથી શાનદાર પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અવસરે રમતવીરોને પ્રોત્સાહિત કરતાં મહેનત, શિસ્ત, સમર્પણ અને દૃઢ નિશ્ચયના બળે સફળતાનાં શિખરો સર કરવા આહ્વાન કરવામાં આવ્યું હતું.માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2010માં *"ખેલે તે ખીલે"*ના મંત્ર સાથે ખેલ મહાકુંભની જે પ્રેરણાદાયી શરૂઆત કરાવી હતી, તેમાં શરૂઆતમાં 16.50 લાખ જેટલા રમતવીરો જોડાયા હતા. આજે આ આયોજન 76 લાખથી વધુ રમતવીરોની રેકોર્ડબ્રેક સહભાગિતા સાથે વિશાળ જનઆંદોલન બની ગયું છે. આ સફળતા ગુજરાતમાં રમતગમત પ્રત્યે વધતા ઉત્સાહ અને રમતવીરોને મળતી પ્રેરણાનું પ્રતિબિંબ છે.વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં રમતગમત ક્ષેત્રે માળખાકીય સુવિધાઓ, આધુનિક સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ખેલાડીઓને અનુકૂળ વાતાવરણના નિર્માણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ પ્રયાસોના પરિણામે ગુજરાત રમતગમતના ક્ષેત્રે નવી સિદ્ધિઓ હાંસલ કરવા સાથે કોમનવેલ્થ ગેમ્સ-2030ની યજમાની માટે પણ સજ્જ બની રહ્યું છે.આ અવસરે યુવા પેઢીને સંદેશ આપતાં જણાવ્યું હતું કે, યુવાનો માત્ર પ્લે-સ્ટેશન સુધી સીમિત ન રહે, પરંતુ રમતનાં મેદાનો તરફ વળે. મેદાન પરનો પરિશ્રમ શારીરિક તંદુરસ્તી, માનસિક મજબૂતી, ટીમવર્ક અને શિસ્તનું ઘડતર કરે છે. ખેલ મહાકુંભ યુવાનોને પોતાની પ્રતિભા પ્રદર્શિત કરવા અને રાજ્ય તથા દેશનું નામ રોશન કરવા માટે એક સશક્ત મંચ પૂરો પાડે છે.ખેલ મહાકુંભ-2026 રાજ્યના લાખો રમતવીરો માટે પોતાની ક્ષમતા સાબિત કરવાની સુવર્ણ તક બની રહેશે. મહેનતથી મેડલ સુધીની સફર ખેડવા સજ્જ ગુજરાતના રમતવીરો આવનારા સમયમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે નવી સિદ્ધિઓ હાંસલ કરશે, તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## વ્યવસાય વારસામાં મળી શકે પરંતુ બ્રાન્ડ તો બનાવવી જ પડે..

ડીઝીટલ પ્લેટફોર્મ પર હરણફાળ ભરનાર

પ્રકાશ પ્રિન્ટર્સ®

હંમેશા એક કદમ આગળ...




તમારો પોતાનો ધંધો ઓનલાઈન લોન્ચ કરો અને બનાવો તમારા પોતાના

**ધંધાની ડીઝીટલ પ્રોફાઈલ**

માત્ર પ્રતિ વર્ષ 299 + GST

દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ

તમારા બિઝનેસને આપો

## એક નવી ડિજિટલ ઓળખ !

- તમારા બિઝનેસની પોતાની Digital Business Profile
- તમારી પ્રોફાઈલની પોતાની Shareable Link
- Unlimited Categories & Products ઉમેરવાની સુવિધા
- તમારા બિઝનેસ માટે Video Gallery
- Customer Reviews દર્શાવવાની સુવિધા
- WhatsApp Direct Contact ની સુવિધા
- Google Map Location ઉમેરવાની સુવિધા
- તમારી માહિતી જાતે Edit & Update કરવાની સુવિધા
- તમારી Digital Profile માટે QR Code
- Digital Visiting Card બનાવવાની સુવિધા
- Mobile, Laptop અને Tablet દરેક ડિવાઈસમાં સરળતાથી જોઈ અને ઉપયોગ કરી શકાય

: વધુ માહિતી માટે સંપર્ક :

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા. મો. 94095 45745

પ્રકાશ પ્રિન્ટર્સ એપ્લિકેશનની 10000 થી વધુ મેમ્બરોની ઉપસ્થિતિ એ જ ઉપલબ્ધિ

ડીઝીટલ એપ્લિકેશનની ભવ્ય સફળતા બાદ

નવા પોર્ટલ માટે લોકાતુર ધંધાર્થીઓ, ગૃહ ઉદ્યોગ તેમજ સેલ્સમેનોની આતુરતાનો અંત....

કે.ડી. NEWS

તારીખ : 10/10/2026

# શ્રીમતી ટી.કે. પારેખ હાઈસ્કૂલ, જુના સાવર ખાતે વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસની ઉજવણી

## સ્વસ્થ મન, સુખી જીવનનો સંદેશ વિદ્યાર્થીઓને અપાયો




જુના સાવર: શ્રી જુના સાવર ગ્રામ પંચાયત સંચાલિત શ્રીમતી ટી.કે. પારેખ હાઈસ્કૂલ, જુના સાવર ખાતે તા. 10 ઑક્ટોબરના રોજ વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં માનસિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ કેળવવાનો તથા સ્વસ્થ મનના મહત્ત્વ વિશે સમજ આપવાનો હતો.આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી આશિષકુમાર એમ. જોશી એ વિદ્યાર્થીઓને સંબોધતાં જણાવ્યું હતું કે શારીરિક સ્વાસ્થ્યની સાથે માનસિક સ્વાસ્થ્યની કાળજી રાખવી પણ અત્યંત જરૂરી છે. અભ્યાસનું દબાણ, પરીક્ષાનો તણાવ, મિત્રો સાથેની સરખામણી અને ભવિષ્યની ચિંતા જેવી બાબતોનો હકારાત્મક અભિગમથી સામનો કરવો જોઈએ. તેમણે વિદ્યાર્થીઓને પોતાની લાગણીઓ વ્યક્ત કરવા, નિયમિત દિનચર્યા જાળવવા, પૂરતી ઊંઘ લેવા તથા જરૂર પડે ત્યારે માતા-પિતા, શિક્ષકો કે વિશ્વાસુ વ્યક્તિની મદદ લેવા પ્રેરણા આપી હતી.વધુમાં વિદ્યાર્થીઓને એકબીજાની લાગણીઓનો આદર કરવા, મુશ્કેલીમાં રહેલા મિત્રોને સહકાર આપવા અને શાળામાં હકારાત્મક તથા ભયમુક્ત વાતાવરણ જાળવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.આ ઉજવણી દ્વારા વિદ્યાર્થીઓમાં માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ, આત્મવિશ્વાસ અને સંવેદનશીલતાનો વિકાસ થાય તેવો પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવ્યો હતો."સ્વસ્થ મન એ સફળ અને સુખી જીવનનો મજબૂત પાયો છે" એવા સંદેશ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 10/10/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# નારોલા લાઈવ કેક શોપ

એનિવર્સરી કેક
બેબીશાવર કેક - સગાઈ કેક
ફોન્ડન્ટ કેક - ફોટો કેક
મેક અપ કીટ કેક

## અઢળક કેકની વેરાયટીઓ

**New collection**

મેરેજ બોક્સ - ડ્રાયફુટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેકેકોરેશન બેબી શાવર ડેકોરેશન ની તમામ આઈટમ મળશે..

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

મહુવારોડ, સાવરકુંડલા
મો. 88667 59838



તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

**લાઈવ કેક** માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું
એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

કે.ડી NEWS

તારીખ : 10/10/2026

# કરિયાણા ગામે નિર્માણાધીન આયુષ્માન આરોગ્ય કેન્દ્રની ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ મુલાકાત લઈ સ્થળ નિરીક્ષણ કર્યું

## કામગીરીની ગુણવત્તા અને સમયમર્યાદા જાળવવા સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યું





અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના કરિયાણા ગામ ખાતે નિર્માણાધીન આયુષ્માન આરોગ્ય કેન્દ્રની લાઠી-બાબરા વિસ્તારના ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયા દ્વારા સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. આ દરમિયાન તેમણે આરોગ્ય કેન્દ્રની ચાલી રહેલી બાંધકામ કામગીરીનું નિરીક્ષણ કરી કામગીરીની પ્રગતિ અંગે માહિતી મેળવી હતી.આ પ્રસંગે રાજકીય અને સામાજિક આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.મુલાકાત દરમિયાન ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયાએ આરોગ્ય કેન્દ્રની બાંધકામ કામગીરીની ગુણવત્તા અને સમયમર્યાદાને ધ્યાનમાં રાખીને સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. તેમજ કામગીરી નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થાય અને બાંધકામમાં ગુણવત્તાના ધોરણો જળવાઈ રહે તે માટે જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું.કરિયાણા ગામ ખાતે નિર્માણ પામી રહેલું આયુષ્માન આરોગ્ય કેન્દ્ર સ્થાનિક ગ્રામજનોને આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં મહત્ત્વપૂર્ણ બની રહેશે. આ કેન્દ્ર કાર્યરત થયા બાદ ગ્રામ્ય વિસ્તારના લોકોને સ્થાનિક સ્તરે આરોગ્યલક્ષી સુવિધાઓનો લાભ મળી રહેવાની સાથે આરોગ્ય સેવાઓની સુલભતામાં પણ વધારો થશે.ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્યલક્ષી માળખાકીય સુવિધાઓનો વિકાસ થાય અને લોકોને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ મળી રહે તે દિશામાં આવા કેન્દ્રો મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

એ ગ્રેડ કવોલીટીનાં
65 GSM Rs. 180 મીનીમમ 10 પેકેટ
70 GSM Rs. 195 મીનીમમ 10 પેકેટ
80 GSM Rs. 305
A4 પેકેટ
તમામ પેકેટો હાજરમાં
SINCE 1923 KD NEWS PAPER
દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

પ્રકાશ પ્રિન્ટર્સ

# તમારા બિઝનેસ
## લોગો અને ડિટેલ સાથે
# પોસ્ટર મેળવો

માત્ર
**રૂ. 249**
1વર્ષ

**7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ + 1 કસ્ટમ ફ્રેમ (આપની ચોઈસની)**

**વોટ્સેપ + ફેઈસબુક + ઈન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે**


ફેસ્ટીવલ ઈમેજ


ગુડ મોર્નિંગ પોસ્ટ


ગુડ નાઈટ પોસ્ટ


બર્થ ડે પોસ્ટ


પોલીટીકલ પોસ્ટ


સુવિચાર પોસ્ટ


મોટીવેશનલ પોસ્ટ


સ્પેશ્યલ કેટેગરી


સુપ્રસિધ્ધ સ્થાનીક સંતો
મહંતોના જન્મ જયંતી
તેમજ જન્મદિવસની
પોસ્ટ સમાવેશ

**તો આજેજ ડાઉલોડ કરો**

આપનાં એન્ડ્રોઈડ મોબાઈલનાં
પ્લેસ્ટોરામાં જઈને

GET IT ON
Google Play

# PRAKASH
# PRINTERS

વધારે માહિતી માટે સંપર્ક - મો. **9409545745**

કે.ડી. NEWS

તારીખ : 10/10/2026

# બગસરામાં સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા ભવ્ય શ્રદ્ધાંજલિ સભા યોજાઈ

## સત્સંગ, ધૂન-કીર્તન અને બ્રહ્મચોર્યાસીનું આયોજન; હજારો હરિભક્તો અને અગ્રણીઓએ ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી



અમરેલી જીલ્લાના બગસરા ખાતે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા સ્વર્ગસ્થ નંદલાલભાઈ બામટાની સ્મૃતિમાં શ્રદ્ધાંજલિ સભા, સત્સંગ, ધૂન-કીર્તન તેમજ બ્રહ્મચોર્યાસીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંતો-મહંતો, હરિભક્તો, સામાજિક અગ્રણીઓ અને વિવિધ ગામોમાંથી આવેલા શ્રદ્ધાળુઓ સહિત હજારો લોકોએ ઉપસ્થિત રહી સ્વર્ગસ્થ નંદલાલભાઈ બામટાને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.સ્વર્ગસ્થ નંદલાલભાઈ બામટાએ જુનાગઢ રાધારમણદેવ મંદિર ટેમ્પલ બોર્ડ સમિતિના પૂર્વ ચેરમેન તરીકે તેમજ સમસ્ત બ્રહ્મસમાજના મંત્રી તરીકે સેવાઓ આપી હતી. બ્રહ્મસમાજને સંગઠિત અને પ્રગતિશીલ બનાવવા માટે તેમણે નોંધપાત્ર મહેનત કરી હતી. ઉપરાંત, મહિલા સ્વામિનારાયણ મંદિરના વર્ષો જૂના જટિલ પ્રશ્નના નિરાકરણમાં પણ તેમણે મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.ધર્મપ્રચાર અને સત્સંગના ક્ષેત્રે પણ નંદલાલભાઈ બામટાનું યોગદાન મહત્ત્વપૂર્ણ રહ્યું હતું. તેઓ સૌરાષ્ટ્રનાં આશરે ૭૫૦ ગામોમાં જઈને હરિભક્તો સુધી ધર્મનો સંદેશ પહોંચાડવાની જવાબદારી નિભાવતા હતા. તેમની ધાર્મિક નિષ્ઠા, સેવાભાવ અને સમાજજીવનમાં આપેલા યોગદાનને યાદ કરીને ઉપસ્થિત સૌએ શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં હતાં. અમેરિકા સ્થિત સ્વામિનારાયણ મંદિરોના મહંતોએ પણ તેમને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.આ પ્રસંગે પૂજ્ય ૧૦૦૮ આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજ તેમજ ભાવિ આચાર્ય પૂજ્ય ૧૦૮ નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ (લાલજી મહારાજ)એ ટેલિફોન દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.શ્રદ્ધાંજલિ સભામાં ગઢડાના કોઠારી સ્વામી ઘનશ્યામ સ્વામી, જુનાગઢના પૂજ્ય શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપ સ્વામી, પૂજ્ય ગોવિંદ સ્વામી (વાઘોડિયા), પૂજ્ય ભક્તિપ્રકાશ સ્વામી (સોમનાથ), પૂજ્ય સાગર સ્વામી (વડતાલ), પૂજ્ય ભક્તિ સ્વામી સહિત ચારવરજાંગ જાળિયા સહિતના સંતો-મહંતો અને પાર્ષદ ભગતોએ ઉપસ્થિત રહી સ્વર્ગસ્થ નંદલાલભાઈ બામટાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.આ ઉપરાંત, સ્વામિનારાયણ સંપ્રદાયના અગ્રણીઓ કમલેશભાઈ પટોડિયા (રાણસીકી), રતીભાઈ ભાલોડિયા (જુનાગઢ મંદિરના પૂર્વ ચેરમેન), કેતનભાઈ સોની (નીલકંઠ જવેલર્સ), ગણેશભાઈ ડાભી (રાજકોટ), અલ્પેશભાઈ રાણસીકી, નારણભાઈ ભરવાડ (ખંભાત), ગોપાલભાઈ પટેલ (ગોધરા), ઉમેશભાઈ વિરસદવાળા સહિત વિવિધ ગામોના અગ્રણીઓ અને સ્થાનિક શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.સભાના ભાગરૂપે બ્રહ્મચોર્યાસીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક આયોજનના મુખ્ય દાતા તરીકે નીલકંઠ જવેલર્સના કેતનભાઈ સોનીએ સહયોગ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સત્સંગ, ધૂન-કીર્તન અને શ્રદ્ધાંજલિ દ્વારા સ્વર્ગસ્થ નંદલાલભાઈ બામટાની ધાર્મિક તથા સામાજિક સેવાઓને સ્મરણ કરવામાં આવી હતી.

કે.ડી. NEWS ના પ્લેટફોર્મ પર

# જ્યાં રિલ્સ નહીં બ્રાન્ડ બને છે...

અને આપે છે

## વ્યુઝની ગેરંટી અને સફળતાનો ભરોસો









## આજે જ સંપર્ક કરો

વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે

**9724661561**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"કરોડપતિ, ભિખારી બની જાય એ 'અકસ્માત ' છે, સંપૂર્ણ નિરોગી, બ્લડ કેન્સરનો ભોગ બની જાય એ 'અકસ્માત ' છે પણ જીવતો માણસ મરી જાય એ 'અકસ્માત' નથી પણ 'નિયમ' છે. 'અકસ્માત' ને તો ટાળી શકાશે પણ 'નિયમ' ને ?"




**આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ**



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
**Year2026**

Gurutattva®

**3541**
**10/10/2026**
**Saturday**

## आत्मा

"वृक्ष" भी आपस मे
अनुभवो का आदान
प्रदान करते है, उनका
आभामंडल होता है,

बाबास्वामी
10/10/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram :** t.me/ShreeShivkrupanandSwami **Whatsapp :** Shivkrupanand Swami

કે.ડી. NEWS
તારીખ : 10/10/2026
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




ચિન્ટુ : "શું  મોન્ટુ પછી "આઈફોન 17" લીધો કે નહિ.?"

મોન્ટુ : "ના, પછી માંડી વાળ્યું. એને બદલે નવું એક "ઈલેક્ટ્રીક સ્કૂટર" લીધું છે. જેની સાથે વાતચીત કરવાની હોય તેને ઘરે જ મળી આવું છું. સસ્તું પડે છે, વળી એના ઘેર ચા, પાણી, નાસ્તો પણ કરી આવું છું..." ચા પાણી પીતી વખતે એમના ઘરે છાપું પણ વાંચી આવું અને વળતા ચિત્રલેખા પણ લેતો આવું. હમણાં તો ઘણીવાર એમના ઘરે મહેમાન આવ્યા હોય તો "નાસ્તા"ની ઘણી નવી આઈટમ પણ ખાવા મળે."વધારાની એક્ટિવિટી"

મોન્ટુ :- જેને મળવા જાઉં, ત્યાં નાસ્તો પાણી પતે,ત્યાં સુધી સ્કૂટર ની બેટરી પણ ચાર્જ કરવા મેકી દઉં....!હવે એ બધા સગાઓ અને મિત્રો  ભેગા મળીને "મોન્ટુ"ને "આઈફોન 17" લઈ આપવાના છે...!!

ના નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 10/10/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 10 ઓકટોબર

# મહત્વની ઘટનાઓ

૧૯૨૪ – બંધારણીય સુધારા પર મોન્ટેગ્યુ-ચેમ્સફોર્ડ અહેવાલના અમલીકરણના ભાગરૂપે વેસ્ટર્ન ઈન્ડિયા સ્ટેટ્સ એજન્સીની રચના કરવામાં આવી.

૧૯૭૦ – ફીજી સ્વતંત્ર રાષ્ટ્ર બન્યું.

૧૯૭૫ – પાપુઆ ન્યૂ ગિની સંયુક્ત રાષ્ટ્રસંઘનું સભ્ય બન્યું.

## જન્મ

૧૮૪૪ – બદરુદ્દીન તૈયબજી, ભારતીય વકીલ અને રાજનેતા (અ. ૧૯૦૬)

૧૯૧૦ – બબલભાઈ મહેતા, ગુજરાતી ભાષાના સાહિત્યકાર (અ. ૧૯૮૧)

૧૯૧૨ – રામવિલાસ શર્મા, ભારતીય કવિ અને વિવેચક (અ. ૨000)

૧૯૫૩ – ઉત્પલ ભાયાણી, ગુજરાતી ભાષાના વાર્તા લેખક, નાટ્યકાર, વિવેચક અને અનુવાદક (અ. ૨૦૧૯)

૧૯૫૪ – રેખા, ભારતીય અભિનેત્રી

## અવસાન

૨૦૧૧ – જગજીત સિંહ, ભારતીય ગાયક-ગીતકાર (જ. ૧૯૪૧)

૨૦૧૫ – મનોરમા, ભારતીય (તમિલ) અભિનેત્રી (જ. ૧૯૩૭)

૨૦૨૨ – મુલાયમસિંહ યાદવ, ભારતીય રાજકારણી, ઉત્તર પ્રદેશના ૧૫મા મુખ્યમંત્રી (જ. ૧૯૩૯)

## તહેવારો અને ઉજવણીઓ

વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ

વિશ્વ મૃત્યુદંડ વિરોધ દિવસ

તારીખ : 10/10/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વ્યાપારી માટે



## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

---

# વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

---

SINCE 1923 KD NEWS PAPER

# દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?



કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ

# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે

## ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




90K

59K

43K

100K

**સંપર્ક : મો. 94997 97973**